જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૮/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૧૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૪૨૭ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૮ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૪૭૮/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૧૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૨૧૭/૨૦૨૫**

વાસણાઃ પ્રશાંતભાઇ હિરાલાલ પટેલ (ઉ.વ.૬૪)(રહે.સુરગોવીદ રો–હાઉસ મણીરત્નમ રો–હાઉસ વિભાગ–૦૧ ની બાજુમા વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૫ સાંજના ૪/૧૫ થી રાતના ૧૦/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાની લગડી ૧૦ ગ્રામની નંગ–૧૮ કિમત રૂપિયા ૭,૦૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૮,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.પટેલ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૧૮/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ કરણ મહેશકુમાર મગનાની (રહે.ઓર્ચિડ વૂડઝ વોડાફોન હાઉસ નજીક કોર્પોરેટ રોડ મકરબા) એ તા.૨૭/૦૮/૨૦૨૫ રાતના ૮/૪૫ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ રામાપીરના મંદિર સામે સી.ઇ.ઇ.ગેલેરી નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઇ હતી. જે બેગમાં લેનોવો કંપનીનુ થિંક પેડ લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ કરણ મગનાનીએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મસઇ શ્રી અનિરૂધ્ધસિંહ બળવંતસિંહ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૨૧૯/૨૦૨૫**

અમરાઇવાડીઃ જીગરભાઇ ભરતભાઇ નાયક (રહે.ઠાકોર વાસ ઇસનપુર ગામ) એ તા.૨૭/૦૮/૨૦૨૫ બપોરના ૧૧/૪૫ વાગ્યાના સુમારે અમરાઇવાડી ખોખરા સર્કલ પાસે કે.કા.શાસ્ત્રી કોલેજની બાજુમાં પ્લાનેટ હ્યુન્ડાઇ કંપનીના પાર્કીંગમાં પોતાની હ્યુન્ડાઇ કંપનીની આઇ ૨૦ કાર નંબર જીજે ૨૭ બીએલ ૨૫૫૮ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/– પાર્ક કરી હતી. જેની ચોરી ત્રીસ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ જીગરભાઇ નાયકએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૨૨૦/૨૦૨૫**

સરદારનગરઃ વાલાભાઇ પ્રતાપભાઇ વણઝારા (ઉ.વ.૪૪)(રહે.ખોડીયારનગર વિભાગ–૦૩ વૈશાલી સ્કુલ પાસે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઇ જેસંગભાઇ ચલાવે છે.

બાપુનગરઃ અમિત જયંતિભાઇ ચાવડા (ઉ.વ.૩૫)(રહે.રાધારમણન ફ્લેટ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૫ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે પોતાના મકાનમા ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ચૌહાણ ચલાવે છે.

અમરાઈવાડીઃ શીવકુમાર પ્રવિણકુમાર રાજપુત (ઉ.વ.૨૬)(રહે.મૂલચંદ જૈનની ચાલી, સંજય ચોક પાસે, રામનગર ભીલવાડા અમરાઈવાડી) એ એ અગમ્ય કારણસર તા.૨૮/૦૮/૨૦૨૫ બપોરના ૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી